# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

*****************************************************

1. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે બ્રિક્સ દેશોને આંતરરાષ્ટ્રીય વેપારમાં મહિલા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહિત કરવા ભાર મૂક્યો.
2. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જાપાન વાયુસેનાના ફાઇટર જેટના સમાવેશને ભારત-જાપાન સંરક્ષણ ભાગીદારીમાં એક સીમાચિહ્નરૂપ ગણાવ્યું.
3. મુખ્યચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર ગુજરાતની બે દિવસની મુલાકાતે અમદાવાદ પહોંચ્યા.
4. ઈરાન અને સાઉદી અરેબિયામાં વિસ્ફોટો થતા અમેરિકા અને ઇરાન વચ્ચે સંઘર્ષ વધ્યો.
5. મહિલા એશિયા કપ ક્રિકેટ મેચની આજે પહેલી સેમિફાઇનલમાં ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે.

---

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PIYUSH GOEL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે બ્રિક્સ દેશોને આંતરરાષ્ટ્રીય વેપારમાં મહિલા ઉદ્યોગસાહસિકો અને મહિલા-આગેવાની હેઠળના સાહસો માટે સહિયારા પ્રયાસો આદરવા હાકલ કરી છે. મંત્રીએ મહિલા કેન્દ્રી  સાહસો માટે વૃદ્ધિ અને તકોનો લાભ લેવા માટે ક્રેડિટ, બજારો અને વ્યવસાયના નિયમોને સરળ બનાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેઓ નવી દિલ્હીમાં બ્રિક્સ WBA મહિલા-આગેવાની હેઠળના વિકાસ પરિષદને સંબોધિત કરી રહ્યા હતા.

શ્રી ગોયલે જણાવ્યું હતું કે, ભારતે મહિલાઓને નાણાકીય, સામાજિક રીતે અને શિક્ષણ, કૌશલ્ય અને જીવનની ગુણવત્તામાં સુધારો કરીને સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જેનો ઉદ્દેશ્ય દેશના વિકાસમાં મહિલાઓને પ્રાત્સાહિત કરવાનો છે.

# RAJNATH JAPAN AIRCRAFT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જાપાન વાયુસેનાના ફાઇટર જેટના સમાવેશને ભારત-જાપાન સંરક્ષણ ભાગીદારીમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવ્યું. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી સિંહે કહ્યું કે તે બંને દેશો વચ્ચે વધતા વિશ્વાસ અને ભારત-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા પ્રત્યેની તેમની સહિયારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે, ગયા મહિને નવી દિલ્હીમાં તેમના જાપાની સમકક્ષ શિંજીરો કોઈઝુમી સાથે ફળદાયી ચર્ચા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે વીર ગાર્ડિયન કવાયત જેવી પરસ્પર મુલાકાતો આ તાલમેલને વધુ મજબૂત બનાવે છે.

# RAJNATH SINGH CRICKETERS

બે દિવસના શ્રીલંકાના પ્રવાસે ગયેલા સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આજે કોલંબોમાં શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટરો, અરવિંદ ડી સિલ્વા, સનથ જયસૂર્યા અને ચામિંડા વાસને મળ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી રાજનાથ સિંહે કહ્યું કે આ ક્રિકેટરોને તેમના અસાધારણ પ્રદર્શન માટે ભારતમાં લાખો લોકો દ્વારા પ્રશંસા મળી છે.

## SHIVRAJ BILATERAL

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે મલેશિયા, તિમોર-લેસ્ટે અને મ્યાનમારના તેમના સમકક્ષો સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી. આ બેઠક ગઈકાલે નવી દિલ્હીમાં કૃષિ અને વનીકરણ પર 9મી ASEAN - ભારત મંત્રીસ્તરીય બેઠક દરમિયાન યોજાઈ હતી.

મલેશિયાના કૃષિ અને ખાદ્ય સુરક્ષા મંત્રી મલેશિયા મોહમ્મદ બિન સાબુ સાથેની તેમની મુલાકાત દરમિયાન, શ્રી ચૌહાણે જ્ઞાન, કુશળતા અને શ્રેષ્ઠ પ્રથાઓના આદાન-પ્રદાનના મહત્વનો ઉલ્લેખ કર્યો. મંત્રીએ સંયુક્ત કૃષિ સંશોધન, ટેકનોલોજી અને નવીનતામાં સહયોગને મજબૂત બનાવવામાં પણ રસ દર્શાવ્યો. ભારત અને મલેશિયા વચ્ચે કૃષિ અને સંબંધિત મુદ્દાઓમાં ગાઢ અને મજબૂત ભાગીદારી અંગે ચર્ચા કરવામાં આવી.

તિમોર-લેસ્ટેના કૃષિ મંત્રી શ્રી માર્કોસ દા ક્રુઝે કૃષિમાં વિવિધ પડકારોનો સામનો કરવા અને રાષ્ટ્ર માટે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે બંને પક્ષો વચ્ચે મજબૂત સંસ્થાકીય પદ્ધતિઓ બનાવવામાં ઉત્સુકતા દર્શાવી.

# RAILWAY PROJECT APPROVAL

સરકારે 20 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના રોકાણ સાથે સંકળાયેલા આઠ રેલવે મલ્ટીટ્રેકિંગ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. જેનો ઉદ્દેશ્ય લાઇન ક્ષમતા વધારવા, કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરવા અને મુખ્ય રૂટ પર ભીડ ઘટાડવાનો છે.

ગઈકાલે મંત્રીમંડળની બેઠક બાદ મીડિયાને માહિતી આપતા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, 10 હજાર 783 કરોડ રૂપિયાથી વધુના ત્રણ પ્રોજેક્ટ્સ પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, મધ્યપ્રદેશ અને છત્તીસગઢના 14 જિલ્લાઓને આવરી લેશે, જે હાલના રેલવે નેટવર્કમાં લગભગ 656 કિલોમીટરનો વધારો કરશે.

# WHO-NADDA

વિશ્વ આરોગ્ય સંગઠન WHOના મહાનિદેશક ડૉ. ટેડ્રોસ અધાનમે તિમોર-લેસ્ટેના દિલ્લીમાં દક્ષિણ-પૂર્વ એશિયા પ્રાદેશિક સમિતિના 79મા સત્ર દરમિયાન કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડા સાથે મુલાકાત કરી. ડૉ. ટેડ્રોસે શ્રી નડ્ડાને ભારતની નોંધપાત્ર આરોગ્ય સિદ્ધિઓ, ખાસ કરીને માતા અને બાળ સ્વાસ્થ્ય અને બિન-ચેપી રોગો સામેની લડાઈમાં નોંધપાત્ર કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, WHOના મહાનિદેશકે જણાવ્યુ કે 1 લાખ 60 હજાર આયુષ્માન આરોગ્ય મંદિરો દ્વારા, ભારત તેના નાગરિકો માટે હાઇપરટેન્શન, ડાયાબિટીસ અને કેન્સર માટે સ્ક્રીનીંગ સુલભ બનાવી રહ્યું છે.

તેમણે ક્ષય રોગ નાબૂદ કરવા, તબીબી ઉત્પાદનોના નિયમનને મજબૂત બનાવવા અને વિશ્વ આરોગ્ય સંગઠનને ટેકો આપવા બદલ ભારતના પ્રયાસો પર પણ ચર્ચા કરી હતી.

# CHIEF ELECTION COMMISSINOR GUJARAT VISIT

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર બે દિવસના ગુજરાત પ્રવાસે છે. અમદાવાદમાં પહોંચ્યા બાદ તેમણે સાબરમતી આશ્રમ ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમાને શ્રધ્ધાંજલી અર્પી હતી. તેમણે કહ્યું હતું કે  મહાત્મા ગાંધી સરદાર પટેલની જન્મ અને કર્મ ભૂમિ ગુજરાતની પાવન ધરતી ઉપર આવવાનો ગર્વ છે.

## (બાઇટ- જ્ઞાનેશકુમાર)

*(ગુજરાત કી પાવન ભૂમિ પર આને પર મુજે બહોત ગર્વ કા અનુભવ હો રહા હૈ। મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ જેસી મહાન જન્મભૂમિ ભી અને સ્ટેશન કે સદસ્યો કે સાથ, ઇન કર્મઠ રૂટ લેવલ ઓફિસર્સ, વાઇસ ચાન્સેલર્સ, પ્રિન્સિપલ્સ આપ ઓર છાત્રાઓ કે સાથ આજ વિભિન્ન કાર્યક્રમો મેં સંવાદ કરેંગે।)*

આજે દિવસ દરમિયાન જ્ઞાનેશકુમાર અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સાથે ચર્ચામાં ભાગ લેશે. AMA ઓડિટોરિયમમાં તેઓ વક્તવ્ય આપશે તેમજ પ્રશ્નોત્તરી સેશન યોજાશે. આવતીકાલે તેઓ  ગુજરાત યુનિવર્સિટીના અટલ કલામ હોલ ખાતે રાજ્યભરમાંથી આવેલા 500થી વધુ BLO સાથે મુખ્ય સંવાદ કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# NEPAL FLOOD

વિનાશક પૂરને પગલે ભારતે નેપાળને માનવતાવાદી સહાયતા વધારી છે, અત્યાર સુધીમાં ૧૩૦ ટનથી વધુ રાહત સામગ્રી પહોંચાડી છે અને શોધ, બચાવ અને ફોરેન્સિક કામગીરીમાં મદદ કરવા માટે ૫૪ નિષ્ણાત કર્મચારીઓને તૈનાત કર્યા છે.

નેપાળમાં ભારતીય દૂતાવાસે ગઈકાલે જણાવ્યું હતું કે ૩૫ ટન રાહત અને બચાવ પુરવઠો લઈને આઠમું ભારતીય વાયુસેનાનું વિમાન કાઠમંડુ પહોંચ્યું છે. આ દરમિયાન, ભારતની વિશેષ ટનલ બચાવ ટીમે શરૂઆતમાં ચિલીમે અને લંગટાંગમાં બે ઉચ્ચ જોખમી સ્થળોએ નેપાળી સેના સાથે સંયુક્ત કામગીરી શરૂ કરી હતી.

# IRAN- SAUDI MILITARY BASE

ઈરાનના દરિયાકાંઠાના હોર્મોઝગન પ્રાંતના કેશ્મ આઇલેન્ડ, સિરિક અને મીનાબ કાઉન્ટીમાં શ્રેણીબધ્ધ વિસ્ફોટો થયાના અહેવાલ છે. વિસ્ફોટો અંગે ઈરાને અહેવાલ આપ્યો છે કે સિરિક અને મીનાબના દરિયાકાંઠાના વિસ્તારોમાં મોટાપાયે વિસ્ફોટોના અવાજો સંભળાયા છે. હોર્મોઝગન ગવર્નરેટે જણાવ્યું હતું કે ધડાકાઓના અવાજો સમુદ્રમાં સંભળાયા હતા.

દરમિયાન, આરબ અને સાઉદી મીડિયાએ અહેવાલ આપ્યો છે કે સાઉદી અરેબિયામાં કિંગ ફહદ એર બેઝ નજીક અનેક વિસ્ફોટો થયા છે. સાઉદી શહેર તૈફમાં પણ વિસ્ફોટના અવાજો સંભળાયા હોવાનું જાણવા મળ્યું છે. આ અહેવાલો અમેરિકા અને ઈરાન વચ્ચે સતત વધતા તણાવના સંકેત આપી રહ્યાં છે..

દરમિયાન વધતા તણવા વચ્ચે  ટ્રમ્પે કહ્યું છે કે આગામી અમેરિકામાં મધ્યવર્તી ચૂંટણીઓ પછી ઈરાન સાથેનું યુદ્ધ "તાત્કાલિક" સમાપ્ત થઈ જશે. ટેક્સાસના ડલ્લાસમાં રિપબ્લિકન સંમેલનમાં જતા અગાઉ બોલતા, ટ્રમ્પે તેહરાન પર વોશિંગ્ટનમાં રાજકીય નેતૃત્વમાં પરિવર્તન માટે અમેરિકન મતદારોને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો.

અગાઉ, ઈરાને યમનના હુતી ચળવળ સાથેના તેના સંબંધો અંગેના યુએસના આરોપોને નકારી કાઢ્યા હતા. હુથીઓ ઈરાની પ્રોક્સી તરીકે કામ કરતાં હોવાના યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોના દાવાને ઈરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઇલ બાઘાઇએ ફગાવી દીધો હતો.

# STOCKS 1200

સ્થાનિક શેરબજારના મુખ્ય સૂચકાંકોમાં આજે બપોરે નજીવો વધારો નોંધાયો હતો. છેલ્લા સમાચાર મળ્યા ત્યાં સુધી સેન્સેક્સ 105 પોઈન્ટ વધીને 74 હજાર 869 પર જ્યારે નિફ્ટી 27 પોઈન્ટ વધીને 23 હજાર 459 પર છે.

# WOMEN'S ASIA CUP SEMI

મહિલા એશિયા કપ ક્રિકેટ મેચની આજે પહેલી સેમિફાઇનલમાં ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે દુબઈ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે. હરમનપ્રીત કૌરની ટીમે થાઇલેન્ડ, હોંગકોંગ અને પાકિસ્તાનને હરાવીને ત્રણેય ગ્રુપ મેચ જીતી હતી. આવતીકાલે બીજા સેમિફાઇનલમાં શ્રીલંકા અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે.

# TN ASSEMBLY BYPOLLS

તમિલનાડુમાં, મદુરંતકમ અને ધારાપુરમ અનામત વિધાનસભા મતવિસ્તારો માટે પેટાચૂંટણીઓ 6 ઓક્ટોબરે યોજાશે. આ પેટાચુંટણી માટેનું આજે જાહેરનામું થયું છે. નામાંકન ભરવાની પ્રક્રિયા આ મહિનાની 16 તારીખે પૂર્ણ થશે. ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 19 તારીખે રહેશે. ડીએમકેએ બંને મતવિસ્તારો માટે ઉમેદવારોની જાહેરાત કરી છે.

# MIZORAM ESIC DEMAND

મિઝોરમે કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) હોસ્પિટલ અને રમતગમતના માળખા માટે કેન્દ્રીય ભંડોળ વધારવાની માંગણી કરી છે.

શ્રમ મંત્રી લાલનઘિંગ્લોવા હમારે નવી દિલ્હીમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાને મળ્યા હતા અને તેમને મિઝોરમ બિલ્ડિંગ અને અન્ય બાંધકામ કામદાર કલ્યાણ બોર્ડ હેઠળ નોંધણીમાં વધારા સહિત શ્રમ કલ્યાણ પગલાંના વિસ્તરણ માટેના રાજ્યના પ્રયાસોથી વાકેફ કર્યા હતા.

તેમણે કેન્દ્રીય મંત્રીને રાજ્યની જરૂરિયાતો અને ESIC નોંધણીમાં પ્રગતિ પર વિચાર કરવા વિનંતી કરી હતી.માંડવિયાએ હમારેને તેમની માંગણીઓ પર વિચાર કરવા  ખાતરી આપી હતી